## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ડિયર તુ ફોન મુકી દે... જો હું તારા ફોટાને લાઈક કરવાનું જ કામ કરી રહી છું....!!!

# દબાણ હટાવવા ઘ-૩ પહોંચેલી ટીમને જાનથી મારી નાંખવાની ધમકી

ગાંધીનગર, તા.૧૯

શહેરના ઘ-૩ સર્કલ આસપાસમાં આજે સવારે દબાણની ટીમ દબાણ હટાવવા પહોંચી હતી ત્યારે લારી-ગલ્લા યુનિયન પ્રમુખ તથા અન્ય ૨૦ જેટલા માણસોનું ટોળું સ્થળ પર આવી પહોંચ્યું હતું અને ગાળાગાળી કરીને દબાણની ટીમને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની પોલિસ ફરિયાદ સે-૭ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

## ગાળાગાળી કરી સરકારી કામમાં રૂકાવટ ઉભી કરીને મારી નાંખવાની ધમકી આપનાર ટોળા સામે દબાણ ઈન્સ્પેકટરે નોંધાવી પોલિસ ફરિયાદ

શહેરના દબાણ અધિકારી મહેશ મોડની ટીમના દબાણ ઈન્સ્પેકટર ડી.જી. માણેક તથા તેમની ટીમ આજે સવારે ઘ-૩ સર્કલ આસપાસના વિસ્તારમાં ખડકાઈ ગયેલા દબાણો હટાવવા પહોંચ્યા હતા. દબાણ કામગીરી શરુ કરી ત્યાં થોડી વારમાં લારી ગલ્લા યુનિયનનો પ્રમુખ જગદીશ લેઉવા તથા અન્ય ૨૦ જેટલા માણસોનું ટોળું ત્યાં દબાણ હટાવવાની કામગીરી સ્થળે પહોંચી ગયું હતું. દબાણની ટીમ સાથે ગાળાગાળી કરીને





સરકારી કામકાજમાં રુકાવટ ઉભી કરી હવે દબાણ હટાવશે તો જાનથી મારી નાંખીશું તેવી ધમકી આપી હતી. સમગ્ર મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો અને દબાણ ઈન્સ્પેકટર ડી.જી. માણેકે ફરિયાદ આપતા સે-૭ પોલીસે જગદીશ લેઉવા તથા અન્ય ૨૦ અજાણ્યા માણસો સામે આઈપીસી કલમ ૫૦૪, ૫૦૬ (૨), ૧૮૬, ૧૮૯ અને ૧૪૩ મુજબ ગુનો દાખલ કરી આરોપીઓની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

## પેથાપુરના ઠાકોરવાસમાં પાણી અંગે રજૂઆત

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરને અડીને આવેલ પેથાપુરના ઠાકોરવાસને પીવાના પાણીની તકલીફ પડતી હોવાની લેખિત રજૂઆત રહીશોએ ચીફ ઓફિસરને લેખિતમાં કરી છે. આ રહીશોએ જણાવ્યું છે કે નગરનો મુખ્ય સપ્લાય કરતી ટાંકી તેમની બાજુમાં હોવા છતાંય આ રહીશો પાણી માટે વલખાં મારી રહ્યા છે. તેમજ પાણીની પાઈપલાઈનમાં ભૌગોલિક સ્થિતિને લઈ ચડતુ નથી તો તાત્કાલિક આ બાબતે યોગ્ય કાર્યવાહી થાય તેમ સૌ ઈચ્છઈ રહ્યા છે.

# કુડાસણના ફલેટમાં ધોળે દિવસે તસ્કરો ત્રાટકયા

## રાધે રેસીડેન્સીમાં પાંચમે માળ રહેતું દંપતિ નોકરીએ ગયું ત્યારે તસ્કરોએ તાળુ તોડી હાથફેરો કર્યો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર-કોબા માર્ગ પર કુડાસણ ગામની સીમમાં આવેલા રાધે રેસીડેન્સીમાં પાંચમે માળ રહેતું દંપતિ ગઈ કાલે સવારે મકાનને તાળુ મારીને ઓફીસ ગયું અને સાંજે પરત આવ્યું ત્યાં સુધીમાં ધોળે દિવસે ત્રાટકેલા તસ્કરો મકાનમાં હાથફેરો કરી ગયા હતા. મકાનના દરવાજાનું તાળુ તોડી અંદરથી ડોલર, દાગીના તથા રોકડ માલમત્તાની ચોરી કરી તસ્કર ટોળકી ફરાર થઈ ગઈ હતી. ઈન્ફોસીટી પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

કુડાસણ રાધે રેસીડેન્સી ખાતે મકાન નં. બી-૫૦૩માં રહેતા સુનિલભાઈ મુકુંદભાઈ પારેખ જીઈબીમાં નોકરી કરે છે અને તેમની પત્નિ સેકટર-૧૨ ખાતેની શિક્ષણ વિભાગની કચેરીમાં નોકરી કરે છે. ગઈ કાલે સવારે પતિ-પત્નિ બંને ઘરને તાળુ મારીને નોકરીએ ગયા હતા સાંજે જયારે ઘરે પરત આવ્યા અને જોયું તો દરવાજાનું તાળુ તુટેલું હતું. મકાનમાં અંદર જઈને જોયું તો સામાન વેરવિખેર પડયો હતો અને તિજોરી પણ તુટેલી હતી. તિજોરીમાંથી તસ્કરો ૨૦૦ ડોલર તથા સોનાની બુટ્ટી, બે કાંડા ઘડિયાળ તથા પાંચ હજાર રોકડા મળી કુલ રૂ. ૧૯,૫૦૦નો મુદ્દામાલ ઉઠાવી ગયા હતા. મકાનમાલિકે ઈન્ફોસીટી પોલીસને ઘરફોડ અંગે જાણ કરતા જમાદાર લક્ષ્મણસિંહે ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની ટીમ તથા ડોગ સ્કવોર્ડ બોલાવી ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.



ગાંધીનગરની ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે ચાંગાના ચારુસતની મણિકાકા ટોપાવાળા ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ મુલાકાતે આવ્યા હતા. જેમને તપોવન સંશોધન કેન્દ્રના પ્રકલ્પ સંયોજક વિમળાબેન સોલંકીએ ગર્ભધ્યાન, ગર્ભસંવાદ, અભિનય ગીતનું પ્રત્યક્ષ નિદર્શન કરાવ્યું હતું. શિશુ પરામર્શન કેન્દ્રમાં દિવ્યાબેન રાવળે જન્મથી ૧ વર્ષ સુધીના બાળકોને પહેરવાના સુતરઉ કપડાં, લાકડાના રમકડા તથા પરંપરાગત ઘોડિયાનું મહત્વ સમજાવ્યું હતું. આસી. પ્રાધ્યાપક ડૉ. રૂપમબેન ઉપાધ્યાયે યુનિ.માં ચાલતા પ્રકલ્પો અંગે માહિતી આપી હતી. ચિલ્ડ્રન યુનિ.ના મહાનિયામક દિવ્યાંશુભાઈ દવેએ વિદ્યાર્થીઓને યુનિ.ની સંકલ્પના તથા કાર્યક્ષેત્રથી અવગત કર્યા હતા. વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની વિવિધ પ્રવૃત્તિઓનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું.

# આત્મન્ બાળ શિબિર આવતીકાલથી આરંભાશે

ગાંધીનગર, તા. ૧૯

આત્મન્ ફાઉન્ડેશન દ્વારા પ્રતિવર્ષ યોજવામાં આવતી આત્મન્ અભિવ્યક્તિ બાળ શિબિર આ વર્ષ તા. ૨૧ થી તા. ૨૩મી એપ્રિલ દરમ્યાન ત્રણ દિવસ માટે યોજાશે. જ્ઞાન સાથે ગમ્મત આપતી આ ત્રિદિવસીય બાળ શિબિરનો સમય સવારના ૯.૩૦ થી સાંજના ૬.૩૦ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. શિબિરમાં ધોરણ-૧ થી ધોરણ-૯માં ભણતા વિદ્યાર્થીઓ-બાળકો ભાગ લઈ શકશે. શિબિર સેક્ટર-૧૯માં સરકીટ હાઉસ પાછળ જવાહરલાલ નહેરુ સરકારી વનૌષધિ ઉદ્યાન ખાતે યોજાશે.

આત્મન્ બાળ શિબિરમાં બાળકોને ગમે એવી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે બ્રિધિંગ એક્સરસાઈઝ, બાળગીત, વાર્તા, ચિત્રકામ-ક્રાફટ, નાટક-અભિનય, વિજ્ઞાન-જાદુના પ્રયોગો વગેરે કરાવવામાં આવશે. છેલ્લા ૨૦ વર્ષથી યોજાતી આ શિબિરમાં ભાગ લેવા આવતા બાળકો માટે વાલીઓએ શિબિર પ્રારંભ પહેલા સત્વરે ફોર્મ મેળવી શિબિરની પ્રતિક ફી સાથે ભરી દેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

# કલોલ કોર્ટ સંકુલમાં ન્યાયાધીશો માટે ૭ નવા મકાનો બનાવવામાં આવશે

## ઇ અને ડી કક્ષાના મકાનો તૈયાર કરવા માટે સવા બે કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૧૯

કલોલમાં ન્યાયાધીશો માટે ઇ અને ડી કક્ષાના નવા મકાનો તૈયાર કરાશે. કલોલ કોર્ટ સંકુલમાં નવા મકાનો બાંધવાનુ કામ હાથ ધરવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ટુંકમાં જ કામ શરૂ કરી દેવાશે. આ કામગીરી પાછળ રૂ ૨.૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

કલોલના કોર્ટ બિલ્ડીંગમાં ન્યાયાધીશોને રહેવા માટે નવા બંગલા બાંધવાનુ કામ હાથ ધરાશે. કાયદા વિભાગના બજેટમાં આ માટે વિશેષ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. કાયદા વિભાગે આ કાર્યયોજનાનુ કામ માર્ગ મકાન વિભાગને સોંપ્યુ છે. અલબત્ત માર્ગ મકાન વિભાગ દ્વારા ટુંકમાં જ નવા મકાનો બાંધવા માટે કામગીરી હાથ ધરાશે. સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર કલોલના કોર્ટ સંકુલમાં સ્થિત જગ્યામાં ન્યાયાધીશો માટે ઈ અને ડી કક્ષાના બંગલા તૈયાર કરાશે. જેમાં ઈ ટાઈપના ચાર, ઈ વન કક્ષાના એક અને ડી વન કક્ષાના ૨ મકાનો બનાવવામાં આવશે. આમ કુલ ૭ મકાનો બાંધવામાં આવશે.

આ નવા મકાનો બાંધવા માટે રૂ ૨.૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ કામગીરી માટે કાયદા વિભાગના બજેટમાં ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. જયારે આ કામગીરી માર્ગ મકાન વિભાગ દ્વારા કરવામાં આવશે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જયારે ટેન્ડર આખરી થયા બાદ ટુકમાં જ કામ શરૂ કરી દેવાશે. આગામી ૧૧ મહીનામાં કામ પુર્ણ કરી દેવાશે. ન્યાયાધીશો માટે નવા આવાસો તૈયાર કરવાની કામગીરી અન્વયે સઘળી સુવિધાઓનો પણ ખ્યાલ રાખવામાં આવશે.



પાણીનું સિંચન - શહેરમાં હરિયાળી જાળવવા વન વિભાગના ટેન્કરો ઉનાળાના ધોમધખતા તાપમાં વિધાનસભા - સચિવાલય વિસ્તારમાં છોડને પાણીનું સિંચન કરે છે... ક્યારેક અતિરેક તો ક્યારેક ઓછપ પણ વર્તાતી હોય છે...

# રાજયની ૪૫ હજાર શાળાઓમાં ચિત્ર અને સંગીત શિક્ષકોની ૮૦ ટકા ઘટ

## ખેલ મહાકુંભ અને કલા ઉત્સવ પાછળ લાખોનો ખર્ચ કરતી સરકારમાં દિવા તળે અંધારુ : વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓ પણ મુર્ઝાતી હોવાનો કલાશિક્ષક સંઘનો આક્રોશ : છેલ્લા ૧૫ વર્ષથી ભરતી કરવામાં આવી નથી : ૩૦ હજાર બેકાર ઉમેદવારોને પણ અન્યાય : ભરતી નહીં થાય તો ધરણાંની રાહે લડત અપાશે : સંઘ

ગાંધીનગર તા ૧૯

રાજયની શાળાઓમાં છેલ્લા ૧૫ વર્ષથી ચિત્રશિક્ષકોની ભરતી થઈ નથી. રાજયની ૪૫ હજાર શાળાઓ પૈકી ૮૦ ટકા શાળાઓમાં ચિત્ર શિક્ષકો નથી. જયારે ચિત્ર ,સંગીત અને વ્યાયામ શિક્ષકોના અભાવ વચ્ચે ખેલ મહાકુંભ અને કલા ઉત્સવ માટે સરકાર લાખો રૂપિયાનો ખર્ચ કરે છે. પરંતુ વિદ્યાર્થીઓની આંતરિક શક્તિ નિખારવા માટે શિક્ષકો ભરતી કરવાના મામલે દોઢ દાયકાથી ઉદાસીનતા સેવાઈ રહી છે. જેના પરિણામે આ ક્ષેત્રમાં બેકાર બેઠેલા ૩૦ હજાર જેટલા ઉમેદવારોને પણ ન્યાય મળતો નથી. ગુજરાત રાજય કલાશિક્ષક સંઘે બે વર્ગ દિઠ એક શિક્ષકની ભરતી કરવા પણ શિક્ષણમંત્રીને રજુઆત કરી છે. જયારે ભરતી પ્રક્રીયા હાથ નહીં ધરવામાં આવે તો જિલ્લા તેમજ રાજય કક્ષાએ ધરણાના માધ્યમથી લડત આપવામાં આવશે તેવી ચિમકી પણ સંઘે ઉચ્ચારી છે.

કલાશિક્ષક સંઘના પ્રમુખ પરેશ સેવક તેમજ મહામંત્રી જિજ્ઞેશ લીંબચીયાએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે રાજયની ૪૫ હજાર જેટલી શાળાઓ પૈકી ૮૦ ટકા શાળાઓમાં ચિત્ર ,સંગીત અને વ્યાયામ શિક્ષકોની ભરતી છેલ્લા ૧૫ વર્ષથી કરવામાં આવી નથી. અગાઉ વર્ષ ૨૦૧૩ માં તત્કાલીન મુખ્યમંત્રીએ પણ ચિત્ર શિક્ષકોની ભરતી કરવા માટે ખાત્રી આપી હતી. પરંતુ હજુ સુધી કાંઇ થયુ નથી. જયારે વર્ષ ૨૦૧૪ માં ભરતી સંદર્ભે ૧૫ હજાર ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. જયારે માત્ર એક જ જિલ્લામાં એક શિક્ષકને નિમણુંક આપવામાં આવી હતી. આમ આ ભરતી પ્રક્રીયા પણ મશ્કરી સમાન બની હતી. કેન્દ્ર સરકાર દ્વારા પણ દરેક શાળામાં ચિત્ર શિક્ષકોની ભરતી કરવા માટે સુચવાયુ હતુ. હાલ એકબાજુ સરકાર ખેલ મહાકુંભ અને કલા ઉત્સવો જેવા આયોજનો પાછળ લાખો રૂપિયાનુ આંધણ કરે છે. પરંતુ ચિત્ર અને સંગીત કલા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવા માટે શિક્ષકોની ભરતી કરતી નથી. જેના પરિણામે આ ખર્ચ પર પાણી ફરી વળે છે. રાજયમાં હાલ ૩૦ હજાર જેટલા ઉમેદવારો પણ બેકાર છે. વિદ્યાર્થીઓમાં છુપાયેલી કલાને વેગ આપવા તેમજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ત્વરિત અસરથી ચિત્ર, સંગીત અને વ્યાયામ શિક્ષકોની ભરતી નહીં કરવામાં આવે તો કલાશિક્ષક સંઘ જિલ્લા અને રાજય કક્ષાએ આમરણાંત ઉપવાસ કરીને લડત આપશે.

# સે.૭/સી ખાતે રવિવારે બાળકો માટે આનાપાન ધ્યાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૯

બાળકો અને કિશોરોને જીવનમાં અનેક રીતે ઉપયોગી થતા આનાપાન ધ્યાનનો કાર્યક્રમ તા. ૨૩મી એપ્રિલના રોજ સવારે સાડા નવથી સાડા અગિયાર દરમિયાન શર્મા હાઉસ પ્લોટ નં. ૧૭૨/૨, સેકટર-૭-સી ખાતે યોજેલ છે. આ કાર્યક્રમમાં ધો-૫ થી ૧૨ના બાળકો ભાગ લઈ શકશે તેમ ભરતકુમાર રાઠોડે જણાવેલ છે.

# રાજયના તમામ બાળકોની આધાર નોંઘણી બે માસમાં પૂર્ણ કરાશે

## ગાંધીનગર ખાતે રાજયના ૦ થી ૫ વર્ષના ૫૬ લાખ બાળકોના આધાર નોંઘણી સેવા માટે ૧૭૦૦ મુખ્ય સેવિકા બહેનોને ટેબ્લેટ અને ફિંગર પ્રિન્ટ મીશન વિતરણ

ગાંધીનગર, તા. ૧૯

મહિલા અને બાળ વિકાસ



વિભાગ દ્વારા આજે ગાંધીનગર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ૩૩ જિલ્લામાંથી આવેલા મુખ્ય સેવિકા બહેનો, પ્રોગ્રામ ઓફિસર, સીડીપીઓ સહિત વિશાળ સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓને સંબોધતા મહિલા અને બાળ વિકાસ મંત્રી આત્મારામ પરમારે જણાવ્યું હતું કે, બાળ ઉછેર અને આંગણવાડીમાં પારકા સંતાનોને પોતાના ગણીને સેવાનું મહાન કાર્ય કરનાર આંગણવાડી બહેનોની ભૂમિકા ખૂબ જ નોંધપાત્ર છે અને આ બહેનો માતા યશોદાની ભૂમિકા નિભાવે છે. રાજયના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ૦ થી ૫ વર્ષના તમામ બાળકોની આધાર નોંઘણી સરળતાથી અને ઝડપી ૧૦૦ ટકા પૂર્ણ થાય તે માટે રાજયની ૧૭૦૦ જેટલી મુખ્ય સેવિકા બહેનોને ટેબ્લેટ તથા ફિંગર પ્રિન્ટ મશીનનું વિતરણ કર્યા બાદ મંત્રી આત્મારામ પરમારે જણાવ્યું હતું કે, દેશ આઝાદ થયા પછી પ્રથમ વખત રાજયના તત્કાલીન મુખ્ય મંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બેટી બચાવો, કન્યા કેળવણી અને સ્ત્રી સશક્તિકરણ અભિયાનની શરૂઆત કરી હતી. ગ્રામીણ વિસ્તારોના સંતાનોમાં શિક્ષણ અને સંસ્કારોનું સિંચનનું કાર્ય તથા કુપોષણ નાબુદીમાં તેડાગર બહેનો, આંગણવાડી કાર્યકરોએ મહત્વની ભૂમિકા નિભાવીને સેવાનું મહાન કાર્ય કરી રહી છે.

# મંગલમૂર્તિ નારણપુરામાં નવપદજી ઓળી-પારણાં યોજાયાં

ગાંધીનગર, તા. ૧૯

અમદાવાદ નારણપુરાના વર્ધમાન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ દ્વારા ૪ સુશ્રાવિકા બહેનોના સૌજન્યથી શ્રી નવપદજી શાશ્વતી આયંબીલ ઓળી-૪૭ તથા તિથિના છુટક આયંબીલ સારા પ્રમાણમાં થયા હતા. આ દરમ્યાન નવેય દિવસ પ્રભુજીને આકર્ષક આંગી, અષ્ટ-પ્રકારી પૂજા, સ્નાત્ર મહોત્સવ તથા સમૂહ આરતી અને શ્રીપાલ મપણા રાસવાંચન વગેરે અનુષ્ઠાનો યોજાયા હતા. આ પ્રસંગે આયોજિત વિશાળ ધર્મસંસદને સંબોધન કરતા આચાર્ય પૂ. જિતરક્ષિત સૂરીશ્વરજીએ જણાવ્યું હતું કે વિશ્વભરના જૈનો દ્વારા અનોખી રીતે ઉજવાતા નવપદપર્વ દરમ્યાન મંગલમૂર્તિમાં ૫૮મી ઓળી આરાધના થઈ છે. આ પ્રસંગે બાળકોને વિવિધ ઈનામો-પ્રભાવના આપવામાં આવી હતી. જયારે ટ્રસ્ટીમંડળ તથા સંઘના સેવકો, નવયુવાનો, મહિલાઓએ સારી સેવા આપી હતી.

# મહર્ષિ અત્રિ તપોવનનો વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર-મહુડી માર્ગ પર પીપળજ ગામ પાસે આવેલ મહર્ષિ અત્રિ તપોવન શાળાનો ૧૪મો વાર્ષિકોત્સવ ટાઉનહોલ ખાતે રંગેચંગે ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં શાળામાં અભ્યાસ કરતા ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ગીત-સંગીત, નાટક, દેશભકિતના ગીત, યોગા, હાસ્યરસ, ફની ડાન્સ,સહિતની ૨૫ થી વધુ કૃતિઓ બાળકોએ રજુ કરી હતી. બાળકો દ્વારા રજુ કરાયેલી વિવિધ કૃતિઓ નિહાળીને ટાઉનહોલમાં હાજર સૌ કોઈ વાલીઓએ તાળીઓના ગળગળાટથી વધાવી લીધા હતા. આ પ્રસંગે રમત-ગમત ક્ષેત્રે રાષ્ટ્રીયકક્ષાએ નામના મેળવી હોય તેવા વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર મહેમાનોના હસ્તે એનાયત કરાયા હતા. આ




કાર્યક્રમમાં મોટીસંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ હાજર રહ્યા હતા.

શહેના ટાઉનહોલ ખાતે મહર્ષિ અત્રિ તપોવન શાળાના ૧૪માં વાર્ષિકોત્સવ પ્રસંગે ઉપસ્થિત ચિલ્ડ્રન યુનિવર્સિટીના યોગેશભાઈ પટેલ, પ્રોફેસર માછી દિનેશભાઈ, વાલી પ્રતિનિધી હીરાભાઈ,શાળાના ટ્રસ્ટી રણછોડભાઈ પટેલ,ભરતભાઈ ઠુંમરઅને આચાર્ય ભરતસિંહ રાઠોડ સહિતના મહેમાનોએ દિપપ્રાગટય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. શાળા પરિવાર દ્વારા મહેમાનોનું શાબ્દિક તેમજ બુકે આપી ભાવપુર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું.મહેમાનોએ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી વકતવ્ય આપ્યું હતું. ત્યારબાદ બાળકોએ બાળગીત,લોક સાહિત્ય, નાટક, શિવતાંડવ, શ્રી કૃષ્ણ સુદામા, દેશભક્તિ ગીત, બ્રેઈન પાવર, યોગાસન, કોમેડી નાટક, તલવાર સાથેની રાસ, ટેકવેન્ડો, ફોટોસેશન સહિત ગણેશવંદના અદભુત રીતે રજુ કરી હતી. વિદ્યાર્થીઓની વિવિધ કૃતિઓ નીહાળીને તાળીઓના ગળગળાટથી વધાવી લીધા હતા. જયારે રાષ્ટ્રીય કક્ષાએ નામના મેળવી હોય તેવી ૪૦ થી વધુ ખેલાડીઓને મોમેન્ટો આપી પ્રોત્સાહીત કરાયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અશ્વિનભાઈ, મુકેશભાઈ, હિતેશભાઈ, નભગભાઈ સહિત શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.